दाखल तारीख : २०/०१/२०२३
નોંધ્યા તારીખ : ૨૦/૦૧/૨૦૨૩
ફેસલ તારીખ : ૧૧/૦૨/૨૦૨૩.
સમયગાળો : વર્ષ – માસ– દિવસ.

**દાહોદના મે. ચોથા એડીશનલ જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.દાહોદ**

**ફોજદારી કેસ નંબર :–૭૪૧/૨૦૨૩.**
આંક :–

ફરિયાદી :– ગુજરાત સરકાર

**વિરુધ્ધ**

આરોપી :– શંકરભાઈ ગબરૂભાઈ ભાભોર,
રહે. મોટી ખરજ, ભાભોર ફળીયું, તા.જી. દાહોદ.

**ગુનો :– પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ.**

**// હુકમ //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૯/૧૧/૨૨ ના રોજ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાના મકાનમાં દેશી દારૂ લીટર–૪ જેની કુલ કિં.રૂા.૮૦/– નો પ્રોહી મુદ્દામાલ ગેરકાયદેસર રીતે રાખી પ્રોહીબીશન એકટની કલમ:૬૫(એ.એ.) મુજબનો ગુન્હો કરેલ અને ત્યારબાદ ગુનાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ હેઠળ તેમની સામેના કેસના પોલીસ પેપર્સના કાગળોની નકલ આપવામાં આવેલ અને આરોપી ગુનો કબુલ કરવા માંગતા હોઈ આરોપીએ ગુના કબુલાત પુરશીસ આપેલ છે. આરોપીએ અને તેઓના વિ. વ. શ્રીએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, તે ગરીબ વર્ગના માણસ છે, મજુરીકામ કરી ખુદનું તેમજ પરીવારનું ગુજરાન ચલાવે છે. વધુમાં જણાવેલ છે કે, પરીવારની જવાબદારી આરોપીના શીરે છે. વિશેષમાં એવુ પણ જણાવેલ છે કે, પ્રથમવારનો ગુન્હો છે અને ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપેલ છે અને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા જણાવે છે. જેથી દયાભર્યો હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં

પણ સ્વૈચ્છીક રીતે પોતાની વિરુઘ્ધનો ગુનો કબૂલ કરે છે. આમ, આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોઈ સદર કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમા, ના. સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂઘ્ઘ સુખદેવ સિંહ અને અન્ય ૧૯૯૨(૩) એસ. સી.સી.–૭૦૦** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ન્યાયીક કાર્યવાહીના કોઈ પણ તબકકે આરોપી ઘ્વારા સ્વેચ્છાએ ગુનાની કબુલાત થઈ શકે અને તે કબુલાત ઉપર આધાર રાખી શકાય છે.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટના **૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરલાલ હરીચંદજી ઠાકોર**નાં કેસમાં પ્રસ્થાપિત કરેલા સિઘ્ધાંતને નજર સમક્ષ રાખતા આરોપીની સદર સ્વૈચ્છીક કબુલાત, ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાવે છે. તે સંજોગોમા ગુના અંગે સજાની જોગવાઈ, કેસની હકકીત અને સંજોગો ઘ્યાને લેતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તવું અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ અન્વયે આરોપી :–શંકરભાઈ ગબરૂભાઈ ભાભોર, રહે. મોટી ખરજ, ભાભોર ફળીયું, તા.જી.દાહોદનાઓને તેઓની વિરૂઘ્ધના પ્રોહીબીશન એકટની કલમ:૬૫(એ.એ.) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ :** આજરોજ તા.૧૧ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ની લોક અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી/સીકકો કરીને જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : દાહોદ.
તા.: ૧૧–૦૨–૨૦૨૩.

**( શિવરામભાઈ લાખાજી રબારી )**
**(Code No.GJ01617)**
ચોથા એડી. જ્યુડી. મેજી. ફ.ક.
દાહોદ.